ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૨.૧૧.૨૦૧૭

------------

## ગુજરાતના નગરો-મહાનગરોના વિકાસ માટે કટિબધ્ધ ભાજપા

------------

## અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ વિકાસનું નજરાણું બન્યું છે

------------

ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળની ભાજપા સરકાર નગર-મહાનગરના વિકાસ માટે કટિબધ્ધ છે. અનેકવિધ યોજનાઓને તે માટે અમલી બનાવી કાર્યાન્વિત કરી છે. ભારત સરકારે ૧૦૦ સ્માર્ટ સીટીમાં ગુજરાતના ૦૬ મહાનગરો દાહોદ, ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટનો સમાવેશ કરીને સુવિધાસંપન્ન કરવાની વિશેષ ગ્રાન્ટ ફાળવી નગરો-મહાનગરોના વિકાસ માટેની ઇચ્છાશક્તિને હકિકત બનાવી છે. સર્વાંગિણ વિકાસના સંકલ્પને સાકાર કર્યો છે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડૉ. જગદીશ ભાવસારે રાજ્ય સરકારે શહેરી વિસ્તાર માટે કરેલા નિર્ણયોની વિગતોમાં જણાવ્યું હતુ કે, રૂપિયા ૮૮૫ કરોડના ખર્ચે ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને જામનગરમાં ૮૬ વિકાસ કાર્યો શરૂ કરવાનું આયોજન કરેલ છે. રાજકોટથી મોરબી વચ્ચેના માર્ગને રૂપિયા ૨૭૫ કરોડના ખર્ચે ફોરલેન બનાવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યની તમામ મહાનગર પાલિકાઓમાં ૧૨૫ ચોરસમીટર સુધીના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે પૂર્વમંજુરી લેવામાંથી મુક્તિ આપી છે. ટી.પી. સ્કીમોમાં રહેલા તમામ પ્લોટને અલગ-અલગ એન.એ.(નોન એગ્રીકલ્ચર) કરાવવામાંથી મુક્તિ આપી છે. ૧૦૦૦ થી વધુ નાના ઉદ્યોગ સાહસિકોને પોત્સાહિત કરી બેઠો કરવા માટે રૂપિયા ૧૧૦ કરોડની માતબર રકમના ખર્ચે ૩૫ મલ્ટિલેવલ શેડનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યની ૧૬૨ નગરપાલિકા - ૦૮ મહાનગર પાલિકાઓને ૯.૬૦ લાખ સ્ટ્રીટ લાઇટને એલ.ઇ.ડી.માં રૂપાંતરીત કરવામાં આવી રહી છે. રાજકોટ ખાતે ઇન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવશે.

ડૉ. જગદીશ ભાવસારે વધુમાં જણાવ્યું હતું કે, ૦૫ મહાનગરોમાં યુ.એલ.સી.ની જમીનો પર છેલ્લા ૨૫-૨૫ વર્ષથી મકાનો ઊભા છે તે રહેઠાણના મકાનોને કાયદેસર કરવાનો વટહુકમ પસાર કરી નાગરિકોને સ્થિરતા અને શાંતિથી જીવન જીવવાની વ્યવસ્થા સરકારે કરી છે.

ભાજપાની સરકારે શહેરી વિસ્તારમાં રહેતા સેવા વસ્તીના નાગરિકોને પાકા ઘરમાં વસવાટ આપવા પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના અમલી કરી છે. ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા હજારો મકાનોનું નિર્માણ કર્યું છે. ઔડા, ગુડા, રૂડા જેવા શહેરી વિકાસ સત્તામંડળો દ્વારા મકાનોના નિર્માણ કરી રાજ્યના નગર-મહાનગરમાં વિકાસના નવાં જ પરિમાણો સાબિત કર્યા છે. ગુજરાતના મહત્વના મહાનગર અમદાવાદમાં સાબરમતી રીવરફ્રન્ટ યોજના કે જે, દેશ અને દુનિયાના આકર્ષણનું કેન્દ્ર બની છે. ગામ-નગર-મહાનગરની ત્રિ-પાંખિયા વિકાસની વ્યુહરચના ભાજપાએ અમલી કરી સમગ્ર દેશના વિકાસનું મોડેલ પ્રસ્થાપિત કર્યું છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૨.૧૧.૨૦૧૭

------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો આગામી ૪, ૫, ૭, ૮, ૯ નવેમ્બરે ગુજરાતના ૩૧ જીલ્લાનો રાજ્યવ્યાપી પ્રવાસ**

------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ શક્તિકેન્દ્રના ઇન્ચાર્જ સહિત મંડલ / જીલ્લાના પદાધિકારીઓ સાથે સીધો સંવાદ કરશે**

------------

**જનતા જનાર્દનનો પ્રેમ, વિશ્વાસ અને આશીર્વાદબળ ભાજપા સાથે છે. સેવા અને સંગઠનના કાર્યક્રમો અને સતત સંપર્કએ પાર્ટીનું ચાલકબળ અને વિજયબળ છે**
**- શ્રી ભરત પંડ્યા**

------------

**૫૦,૧૨૮ બુથના પ્રમુખો તેમજ ૨૮,૬૩૯ શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને દરેક બુથમાંથી કોંગ્રેસ નેસ્તનાબૂદ કરી જડમૂળમાંથી ઉખાડી ફેંકવા અંગે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે**
**- શ્રી ભરત પંડ્યા**

------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ ભારતીય જનતા પાર્ટી મીડિયા સેન્ટર ખાતે પત્રકાર મિત્રોને સંબોધતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ તારીખ ૪ અને ૫ તેમજ ૭, ૮, અને ૯ નવેમ્બરના રોજ એમ, કુલ મળીને પાંચ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યકર્તાઓ સાથે બેઠક યોજશે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, ભાજપા સર્વવ્યાપી અને સર્વસ્પર્શી સંગઠન છે. અમારી ઉપર જનતા જનાર્દનનો પ્રેમ, વિશ્વાસ અને આશીર્વાદ બળ છે. વિચારધારા એ ભાજપાનું આત્મબળ છે, કાર્યકર્તા એ પાર્ટીનો પ્રાણબળ છે, સેવા અને સંગઠનના કાર્યક્રમો એ પાર્ટીનું ચાલકબળ અને વિજયબળ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની આગેવાનીમાં ભાજપા આજે ૧૧ કરોડ સદસ્યો સાથે વિશ્વની સૌથી મોટી રાજકિય પાર્ટી બની છે. ગુજરાતમાં ભાજપાના એક કરોડથી વધુ સભ્યો છે. કાર્યકર્તાઓ અમારી સંગઠનશક્તિ છે.

ભાજપા સંગઠન હંમેશા લોકોની વચ્ચે લોકસેવાના કાર્યક્રમો સતત કરતું હોય છે. તેવી જ રીતે ભાજપાના નેતાઓ કાર્યકર્તાઓ સાથે સીધો સંપર્ક, સંવાદ, બેઠકો, કાર્યક્રમો યોજીને સંગઠનશક્તિ વધુ મજબૂત બને તે માટે સતત કાર્યરત હોય છે, એ ભાજપાની સંગઠન પધ્ધતિની કાર્યશૈલી છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સમગ્ર ગુજરાતમાં તારીખ ૪ અને ૫ તેમજ ૭, ૮ અને ૯ નવેમ્બરના રોજ એમ, કુલ મળીને પાંચ દિવસ સમગ્ર રાજ્યમાં કાર્યકર્તાઓ સાથે બેઠકો યોજશે. એ બેઠકમાં જીલ્લાના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, જીલ્લાના હોદ્દેદારશ્રીઓ, મંડલના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેનશ્રી-ડિરેક્ટરશ્રીઓ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ચૂંટાયેલ પાંખ તેમજ શક્તિકેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમિતભાઇ શાહ સાથે સંવાદ યોજશે અને આગામી ચૂંટણીઓમાં ભાજપાના ૧૫૦+ના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવાની રણનીતિ વધુ અસરકારક, વધુ મજબૂત બને તે માટે અને ૫૦,૧૨૮ બુથના પ્રમુખો તેમજ ૨૮,૬૩૯ શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને દરેક બુથમાંથી કોંગ્રેસને નેસ્તનાબૂદ કરી જડમૂળમાંથી ઉખાડી ફેંકવા અંગે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. ભાજપાની લોકસેવા અને કાર્યકર્તાઓ સાથે સીધા સંપર્કની હંમેશાથી નીતિ રહી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડ્યાએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ગુજરાત પ્રવાસની તેમજ તેમના દ્વારા યોજાનાર પત્રકાર પરિષદની વિગતવાર માહિતી આપી હતી જે નીચે મુજબ છે,

| રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની પત્રકાર પરિષદની વિગત | | |
|---|---|---|
| તારીખ | સમય | સ્થળ |
| ૪-૧૧-૨૦૧૭, શનિવાર | સવારે ૯.૩૦ કલાકે | ગાંધીધામ ખાતે |
| ૭-૧૧-૨૦૧૭, મંગળવાર | બપોરે ૨.૦૦ કલાકે | રાજકોટ ખાતે |
| ૮-૧૧-૨૦૧૭, બુધવાર | બપોરે ૨.૦૦ કલાકે | ભરૂચ ખાતે |
| ૯-૧૧-૨૦૧૭, ગુરૂવાર | સાંજે ૬.૦૦ કલાકે | વડોદરા ખાતે |

| રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના પ્રવાસ કાર્યક્રમની માહિતી | | | |
|---|---|---|---|
| ક્રમ | તારીખ/વાર | સ્થળ | સમાવિષ્ટ જિલ્લા-મહાનગર |
| ૧ | ૪-૧૧-૨૦૧૭, શનિવાર | ગાંધીધામ | કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર |
| ૨ | | ભાવનગર | ભાવનગર શહેર, ભાવનગર જીલ્લો, બોટાદ, અમરેલી |
| ૩ | | કર્ણાવતી | કર્ણાવતી મહાનગર |
| ૪ | ૫-૧૧-૨૦૧૭, રવિવાર | નવસારી | વલસાડ, નવસારી, ડાંગ |
| ૫ | | ગોધરા | પંચમહાલ, દાહોદ |
| ૬ | | હિંમતનગર | સાબરકાંઠા, અરવલ્લી |
| ૭ | ૭-૧૧-૨૦૧૭, મંગળવાર | રાજકોટ | રાજકોટ શહેર, રાજકોટ જીલ્લો |
| | | સુરત | સુરત મહાનગર |
| ૮ | ૮-૧૧-૨૦૧૭, બુધવાર | જુનાગઢ | જુનાગઢ શહેર, જુનાગઢ જીલ્લો, પોરબંદર અને ગીરસોમનાથ |
| ૯ | | ભરૂચ | ભરૂચ, નર્મદા |
| ૧૦ | | નડીયાદ | આણંદ, ખેડા, મહિસાગર |
| ૧૧ | ૯-૧૧-૨૦૧૭, ગુરૂવાર | બારડોલી | સુરત જીલ્લો, તાપી |
| ૧૨ | | જામનગર | જામનગર શહેર, જામનગર જીલ્લો, દેવભૂમિ દ્વારકા |
| ૧૩ | | વડોદરા | વડોદરા શહેર, વડોદરા જીલ્લો, છોટાઉદેપૂર |

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૨.૧૧.૨૦૧૭

---------

**કાર્તિકી પુનમથી ગુજરાતની લોકસંસ્કૃતિની ઓળખ સમાન ત્રણ ભવ્ય લોકમેળાઓનો પ્રારંભ થશે**

---------

**વૌઠાનો મેળો, શામળાજીનો મેળો અને સિધ્ધપુરનો મેળો**
**- તેની આગવી વિશેષતાને લીધે વિશ્વભરમાં પ્રખ્યાત છે**

---------

**ધાર્મિક મેળાઓ ગુજરાતની ગ્રામ્ય અર્થવ્યવસ્થા અને ગ્રામિણ બજાર વ્યવસ્થામાં આગવું મહત્વ ધરાવે છે**

---------

**ધાર્મિક મેળાવડા એ ગુજરાતની લોકસંસ્કૃતિ અને કોમી એખાલસતાની ઓળખ છે**
**- શ્રી જયનારાયણભાઇ વ્યાસ**

---------

ભાજપાના પ્રવક્તાશ્રી જયનારાયણભાઇ વ્યાસે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતુ કે, આજરોજ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગાંધીનગર, અક્ષરધામમંદિર ખાતે રજતજયંતિ મહોત્સવમાં પધારી રહ્યા છે ત્યારે, ભાજપા વતી અને ગુજરાતની જનતા વતી તેમનું ગુજરાતની ધરતી પર હદયપૂર્વક સ્વાગત કરું છું. ધાર્મિક મેળાવડા તથા ધાર્મિક ઉત્સવો એ ગુજરાતની લોકસંસ્કૃતિ અને કોમી એખાલસતાની ઓળખ છે. ગુજરાતમાં દરવર્ષે અંદાજે ૧૫૨૧ જેટલા લોકમેળા/ધાર્મિક મેળાવડાઓ યોજાય છે. ધાર્મિક મેળાઓ ગુજરાતની ગ્રામ્ય અર્થવ્યવસ્થા તેમજ ગ્રામ્ય બજાર વ્યવસ્થામાં આગવું મહત્વ ધરાવે છે.

કાર્તિકી પુનમથી ગુજરાતની લોકસંસ્કૃતિની આગવી ઓળખ ઉજાગર કરતાં ત્રણ મેળાઓ ગુજરાતના જુદા-જુદા સ્થળોએ પ્રારંભ થઇ રહ્યા છે. જેમાં, વૌઠાનો મેળો, શામળાજીનો મેળો અને સિધ્ધપુરનો મેળો. આ ત્રણેય મેળાઓ તેની આગવી વિશેષતાઓને લીધે વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ ત્રણેય મેળાઓમાં આશરે ૩૫-૪૦ લાખ લોકો મુલાકાતે આવતા હોય છે. ભાજપા સરકાર દ્વારા પણ દરવર્ષે આ મેળાઓમાં જનાર યાત્રિકો માટે વધારાની એસ.ટી.બસોની જોગવાઇ પણ કરવામાં આવે છે તેમજ ૧૦ વર્ષથી ભાજપા સરકાર દ્વારા આવા મેળાઓના સુયોગ્ય આયોજન માટે સ્થાનિક તંત્રને પાંચ લાખની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. પાંચ લાખની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. ગુજરાતના ધાર્મિક સ્થળોના સુવિધાસભર આધુનિકરણ તેમજ પુનરોધ્ધાર માટે પણ ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

**વૌઠાનો મેળો**

પુરાણ-કથાઓમાં વૌઠાના મેળોનો ઉલ્લેખ જોવા મળે છે. અને આ સંસ્કૃતિ હજી પ્રચલિત છે. આ મેળો દરવર્ષે વૌઠામાં ઉજવવામાં આવે છે. વૌઠા એ સાબરમતી અને વાત્રક નદીનું સંગમ સ્થળ છે. વૌઠાના વિસ્તા રને સપ્ત-સંગમના રૂપમાં પણ પ્રચલિત છે. જ્યાં સાત નદીઓનો સંગમ છે. કિદંવંદિતીઓ દર્શાવે છે કે ભગવાન કાર્તિક, ભગવાન શીવ અને 'મા' પાર્વતીના પુત્રએ આ સ્થળની મુલાકાત લીધી હતી. લોકપ્રિય મુરુગાના રૂપમાં ઉજવવામાં આવે છે. દેવોના સેનાના સેનાપતિ છે તેવા કાર્તિકેયને આ મેળો અર્પિત છે. કાર્તિક પૂર્ણિમા, (ઓકટોમ્બર, નવેમ્બમર) ની રાત્રે આ મેળો ઉજવવામાં આવે છે. અહીંનું શીવ મંદિર સિદ્ધનાથ પણ અગત્યિનું છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



આ મેળાની સૌથી મહત્વ ની વાત એ છે કે અહીં ફક્ત પશુઓનો વ્યાકપાર થાય છે. દર વર્ષે ૪૦૦૦ ગધેડા અને ઉંટનો વ્યાળપાર થાય છે. સામાન્યે રીતે વણઝારા જાતિના લોકો આ વ્યાયપારમાં ભાગ લે છે. જુદા જુદા રંગ અને સાજ-સજ્જાથી શણગારેલ ગધેડાઓ તેનું મુખ્યછ આકર્ષણ છે. વૌઠાના મેળામાં ૫,૦૦,૦૦૦ થી વધુ લોકો આવે છે જે કેટલાક સમૃદાય માટેનું તીર્થ સ્થધળ છે. આ દરમિયાન કેટલાક ખેડૂતો, મજૂરો અને કેટલીક જાતિના લોકો અહીં દર્શન કરવા માટે આવે છે.

**કાર્તિક પૂર્ણિમા મેળો, સિદ્ધપુર**

ધાર્મિક નગરી સિદ્ધપુર ખાતે વર્ષ પરંપરાગત ભરાતા કાર્તિકી પૂર્ણિમા, લોકજીભે કાત્યોકનો મેળો કહેવાતો મેળો કુંવારિકા સરસ્વતી માતાની કૂખમાં ભરાય છે. જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતનું લોકજીવન તેના વિવિધ સ્વરૂપોમાં જોવા મળે છે. ચેકડેમમાં નદીના નીરથી ભરાયેલ હોવાથી માતૃશ્રાદ્ધ વગેરેના મહિમાને લઇને સિદ્ધપુર આવતા ભાવિકોની સાથે લોકમેળાની રંગત માણવા પાટણ, મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, પાલનપુર, ડીસા સહિતના વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓ મેળાની ખુશાલી માણવા ચાલી રહ્યાં છે. મેળાને લઇને હાલમાં નદી તટે રમકડાં, સ્ત્રી શૃંગાર, કટલરી, ફરસાણ, મિઠાઇની દુકાનો ધમધમી રહી છે. તો બીજી તરફ મનોરંજન સાથેના ઉંચા- નીચા ૩૦ જેટલા ચકડોળ ગોઠવાઇ ગયાં છે. પૂનમે બ્રહ્માંડેશ્વર પરીસર પાસે અશ્વોનું બજાર ભરાશે. જ્યારે મેળાની પાછળના ભાગે ભરાતું ઊંટબજાર પણ આકર્ષણનું કેન્દ્ર બને છે. રાજસ્થાનના જેસલમેર, બાડમેર, જોધપુર તેમજ અન્ય સ્થળોથી ઊંટના વેપારીઓ ઉમટી રહ્યાં છે. લગભગ  સાત દિવસમાં જ ૧૦ લાખથી વધુ લોકો આવે છે.

**શામળાજીનો મેળો**

શામળાજીના મેળાની ઉજવણી દર વર્ષે કાર્તિક પૂનમે કરવામાં આવે છે. બે સપ્તાહ સુધી ચાલનારો આ મેળો નવેમ્બ્ર મહિનામાં યોજાય છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં લગભગ બે અઠવાડિયા સુધી ઉજવાતા આ ભવ્ય મેળાનું આયોજન પ્રસિદ્ધ શામળાજીના મંદિર ખાતે કરવામાં આવે છે. શામળાજી એક પ્રસિદ્ધ વૈષ્ણયવ તીર્થ છે. અહીં અન્ય દેવી-દેવતાના મંદિરો આવેલાં છે. શામળાજી મંદિર વૈષ્ણવ સંપ્રદાયના ભાવિકો માટે આસ્થાનું કેન્દ્ર છે. ૧૧મી સદીમાં નિર્માણ પામેલું આ મંદીર સ્થાપ્રય કળા-કારીગીરીનો ઉત્તમ નમૂનો છો.

આ પ્રદેશમાં વસતી જનજાતિ, ગરાસિયા, ભીલ જાતિના જનસમુદાય ભક્તિ-આનંદ ઉલ્લાસથી ભક્તિ, મેળાનો આનંદ લે છે. તીર્થયાત્રીઓ મેશ્વો નદીમાં સ્ના ન કરે છે. આ આદીવાસી જનસમૂહ આ તીર્થમાં ભક્તિ ગીતો ગાઇ, પરંપરાગત ભજન-નૃત્યો અને તેમની ધાર્મિક આસ્થાને રજૂ કરે છે.ભગવાન શામળાજી શ્રી કૃષ્ણનું જ સ્વરુપ છે. શામળાજીમાં બિરાજમાન ભગવાન શ્રી કૃષ્ણને એક દેવતાના રુપમાં નહીં પરંતુ તેમના સખા, મિત્ર, સહોદરના રુપમાં પૂજે છે. ભીલ જનજાતિમાં, શામળાજી ખૂબ જ સમ્માકનીત છે અને લોકપ્રિય છે. જે 'કાલિયો ભવજી' ના રૂપમાં જાણીતા છે શામળાજીનો મેળો નાગધારા કુંડમાં સ્ના ન અને વર્ષો જુની પરંપરાની ઉજવણી માટે જાણીતું છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ